॥ સનાતન પરમો ધર્મ ॥

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજનું મુખપત્ર

સોસીયલ મિડીયા

પ્રચાર પ્રસાર જાગૃત ઉજાગર

સનાતન ધર્મ પત્રિકા

FOR MEMBERS INTERNAL CIRCULAR

સં - ૨૦૭૯ | માગશર વદ : ૧૩ | ગુરૂવાર | તા.: ૨૨.૧૨.૨૦૨૨ | SDP No. : 973 | Mob.: +91 7801877774, +91 7718977774 | ankasantandharmaptrika@gmail.com

આજ રોજ સ્વર્ણિમ મહોત્સવ ક્રિકેટ અને વોલીબોલ ટુર્નામેન્ટ ના ડ્રો સિકંદરાબાદમાં

કેંદ્રીય યુવાસંઘ ના સ્વર્ણિમ મહોત્સવ ના અંતર્ગત ટ્રીલેબ ગોલ્ડન જુબલી ટુર્નામેન્ટ ની ક્રિકેટ અને વોલીબોલ સ્પર્ધા ના ડ્રા બુધવાર તા. 22-12-2022 ના રોજ શ્રી પાટીદાર ભવન, ભોલકપુર, સિકંદરાબાદ મધ્યે આયોજન કરવામાં આવેલ છે અને તેનું લાઈવ કવરેજ કરવામાં આવશે.

આ ડ્રા માં મુખ્ય અતિથિ તરીકે શ્રી તેલંગણા આંધ્ર ઝોન સમાજ ના પ્રમુખ કાંતિલાલ ગોરાણી - મહામંત્રી હંસરાજ દડગા આયોજન સમિતિના ચેરમેન તેમજ ફોરેસ્ટ કાઉન્સિલ પ્રેસિડેન્ટ દિપક દિવાણી, રામસેતુ કાઉન્સિલ પ્રેસિડેન્ટ જયેંદ્ર રૂડાણી,

કેંદ્રીય સ્પોર્ટસ કન્વીનર જગદીશ લીંબાણી, TAP રીજીયન તુલશીદાસ રામાણી, મિશન ચેરમેન મનોજ દડગા, દરેક રીજીયન ના સ્પોર્ટસ કન્વીનર અને આયોજન વિવિધ સમિતિઓના ચેરમેન અને તેમના સભ્યો ની સાથે TAP રીજીયન તેમજ સિકંદરાબાદ યુવા મંડળ ના કારોબારી સભ્યો ની ઉપસ્થિતિમાં કરવામાં આવશે.ડ્રા કર્યા બાદ લિગ મેચ નું અનુસૂચિ (schedule) જાહેર કરવામાં આવશે.

વિશેષમાં આ ટુર્નામેન્ટ ના મેન સ્પોન્સર ટ્રીલેબ ના પ્રતિનિધિ રમેશભાઈ પોકાર પણ હાજર રહેશે.

સંયોજક :
જસવંત સુરાણી
સિકંદરાબાદ

આવો ઓળખીએ આપણાં સ્વર્ણિમ મહોત્સવની ઉજવણી ના ક્રિકેટ અને વોલીબોલ ટુર્નામેન્ટ ના મેન સ્પોન્સર

TREELAB (a unit of BIRMI group) has come into existence with an exclusive range of innovative, eco friendly and non toxic WPC and PVC boards, vastly apprciated by both commercial and residential sectors. The increase in the demand for the products carved out of woods is encouraging the cutting of approximately 7 billion trees every year. To overcome this complicated situation, TREELAB has innovatively designed a collective range of products which are the considered to be the substitute for wood, durable and high performing. We believe in carving the finest products and along with the team acquiring the best benchmarks in this distinct industry, TREELAB is capable of providing at par quality, reliable and enduring collection of products.

BIRMI GROUP are into home furnishing since 2004. Our knowledge of textile & home furnishing is extensive, especially when it is about blankets and specific fibers related to blankets. Our gorgeous designs and on time delivery has won us special place in the global market. Qual

મેન સ્પોન્સર ટ્રીલેબ ના વડીલશ્રી નું સન્માન રૂપે શાલ અર્પણ કરતા રામસેતુ કાઉન્સિલ પ્રેસિડેન્ટ જયેંદ્ર રૂડાણી

મેન સ્પોન્સર ટ્રીલેબ ના માલીક ત્રીગુન બંસલ નું સન્માન કરતાં આયોજન સમિતિના ચેરમેન - ફોરેસ્ટ કાઉન્સિલ પ્રેસિડેન્ટ દિપક દિવાણી

મેન સ્પોન્સર ટ્રીલેબ ને ફાઈનલ કરતી વખતે હાજર હિતેશ રામજીયાણી, દિપક દિવાણી, જયેંદ્ર રૂડાણી, રમેશ પોકાર અને દિપેશ સુરાણી

સ્વર્ણિમ મહોત્સવ ગોલ્ડન જુબલી ટુર્નામેન્ટ સિકંદરાબાદ ના મેન સ્પોન્સર ટ્રીલેબ ના માલિક વીનય બંસલ અને ત્રીગુન બંસલ અને તેના પ્રતિનિધિ રમેશ પોકાર સાથે કેંદ્રીય યુવાસંઘ ના સેંટ્રલ પ્રેસિડેન્ટ હિતેશ રામજીયાણી

દ્વિતીય પુણ્યતિથિએ ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ
સ્વ. પ્રેમજીભાઈ ભાણજીભાઈ કેશરાણી
જન્મ : તા. ૨૯/૧૧/૧૯૬૪
સ્વર્ગવાસ : તા. ૨૨/૧૨/૨૦૨૦
ઉંમર : ૫૬ વર્ષ
કચ્છમાં ગામ : નાના અંગીયા – માનકુવા
હાલે : ખારઘર, નવી મુંબઈ (મહારાષ્ટ્ર)

પળ-પળ, ઘડી-ઘડી વિતતી જાય છે, તેમ દિવસ-રાત વિતી જતાં આપની વસમી વિદાયના બે-બે વર્ષનાં વહાણાં વીતી ગયાં, પરંતુ આપની જીવનયાત્રા દરમ્યાન આપનાં હસ્તક થયેલા સત્કર્મો, ગૌ-સેવા, સમાજસેવા, રાષ્ટ્રસેવા, જીવદયાની પ્રેરણા દ્વારા અમને આપના સુક્ષ્મ-દિવ્ય આશિષ મળતા રહે છે.

"जाने वाले कभी नहीं आते, जाने वाले की याद सदा आती रहती है।"

કુટુંબ-પરિવાર-સમાજને આપની કોઠાસૂઝથી એક તાંતણે બાંધી સંઘભાવનાની ઉમદા ભાવના અમારા જીવનમાં પથદર્શક બની રહે.

॥ આપના શોકમગ્ન ॥
સમસ્ત કેશરાણી પરિવારના સર્વે નાનાં-મોટાં સભ્યો.
શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સામજ.
યુવાસંઘ — મહિલાસંઘ

વર્ષ 2010 અધિવેશન દરમિયાન ગર્જના કરેલ 'સનાતની સિંહ' માના એક એટલે મજબૂત મનોબળના માનવી સ્વ. પ્રેમજીભાઈ ભાણજીભાઈ કેશરાણી..!!

બજુર્ગ થી લઈને બાળકોમાં પોતાની અલગ છાપ છોડી જનાર એક એવું સમાજ પ્રત્યે તન,મન અને ધનથી સમર્પિત પાત્ર.. વ્યક્તવ ની શરૂઆત શ્લોકથી કરે અને જે ને સાંભળવા એક લ્હાવો તો હતો જ પણ એની વજનદાર વાતો ને પચાવવા માટે હોઝરી પણ મજબૂત જોઈએ હો.

ઓડિયન્સ જોઈએ એ ઓડિયન્સ ન મળ્યું એનો વસવસો આજે પણ બહુ થાય..!! પૈસેટકે વડીલો ને જ્યારે મોટા પ્રોગ્રામો , ઉત્સવો કરવા પરસેવો વછુટે અને આ કાર્યને કેમ કરશું..? એ મુંજારા વચ્ચેનું સોલ્યુશનરૂપી મુસ્કુરાહટ એટલે,

સ્વ. પ્રેમજીભાઈ ભાણજીભાઈ કેશરાણી હતા'

સામાજીક સેવાક્ષેત્રે ધબકતું હૃદય હતું...

નાનીવયે સેવાકીય ભાવ ધરાવતા અને મને મારી સનાતન સમાજ ને કાંઈક આપવું છે, એવી નિસ્વાર્થ ભાવના સાથે સ્વ. પ્રેમજીભાઈ એ ખરેખર તન , મન અને ધનથી સેવા કરેલ..! સમયદાન તો આપેલ પણ સાથે દાનપેટે માતબર રકમો દાનમા આપેલ અને દાતાઓ ને સમજવા અને સમજાવવા કરીને સમાજના વિકાસ અર્થે ભંડોળ ઉપાર્જન કાર્યમાં પણ સિંહ ફાળો આપેલ..

ગણેશજી ના માફક પેટ મોટું એટલું જ ભાઈનું મન મોટું હતું. ખોટું ક્યારે ન લાગડે એવો મૈત્રીભાવ ધરાવતો સરળ સ્વભાવ.

સાંભળે સૌનું. બાળકો સાથે બાળકો જેવા , યુવાનો સાથે મિત્ર અને માર્ગદર્શકની ભૂમિકામાં અને બુઝુર્ગ સાથે ક્વોલિટી ટાઈમ પસાર કરીને ખરેખર વડીલો પાસે કદ અને વાતો નું વજન પ્રેમજીભાઈનું વિશેષ પડતું..!

જ્યારે પણ કોઈ સામાજીક કાર્ય નુ વિઝન હોય , એમાંય કોઈ વડીલોનું રિઝન હોય..! ત્યારે એ યુવાનો ની વાતો નો જો પ્રસ્તાવ પ્રેમજીભાઈ દ્વારા રજૂ થાય એટલે વડીલો ને ભરોશો 100% એવો કે પ્રેમજી કહે એટલે એમાં 'મિશન' જરૂર હશે. એ વિઝન અને રિઝન ને મિશનમાં પ્રેમજીભાઈ ફેરવી જાણતા..

સાલ 2000ના સમયે.....

અખિલ ભારતીય કચ્છ કડવાં પાટીદાર યુવાસંગની મહત્વની જવાબદારી રૂપે પ્રેસિડેન્ટ પદે 2002-2003 પ્રેમજીભાઈ કેશરાણી સેવાઓ આપી ચુક્યા છે..

જે તે સમયે સામાજીક હોદાઓનું વજન ગામડાઓમાં સરપંચ તુલ્ય હતું.. સમાજ સેવા જેમના માટે સર્વોપરી એવા પ્રેમજીભાઈ એ ભારતભરમાં અનેક પાટીદારો સુધી પોહચવાના પ્રયાસો કરેલ..

મુંબઈ થી માનકુવા અને સમાજ કાજે નખત્રાણા બોર્ડિંગમાં તેઓના સતત પ્રવાસો રહેતા..

નર્મદા લાવો દેશ બચાવો...

વર્ષ 2000ની સાલની આસપાસ ત્યારે પણ નર્મદા લાવો દેશ બચાવો મુહિમ છેડી હતી અને તેનો લાભ માંડવી , વાગડ વિસ્તાર ને આજે થઈ રહ્યો છે. આજે આ પ્રશ્ન નખત્રાણા વિસ્તાર નો છે.. આ મુહિમમાં પણ સ્વ.પ્રેમજીભાઈ કેશરાણીની ભૂમિકા મહત્વની રહી હતી..

વજનદાર વાતો... પ્રેમજીને અર્પણ

સનાતની સાહિત્ય થી જેનો ખચોખચ સ્ટોરેજ ભરેલો અને ઇતિહાસમાં જેમને ડોકાશીયું કરવાનો શોખ એવા સ્વ. પ્રેમજીભાઈ પોતાની સ્પીચ શ્લોક પઠનથી કરતા. પ્રેમજીભાઈ જ્યારે પણ રજુઆત કરતા ત્યારે શ્રોતાનો ટાઈમ લેતા અને એટલી ઊંડાણપૂર્વકની વાતો કરે અને એની વજનદાર વાતોમાં શબ્દો પકડવા પડે નહિ તો એ બધું ઉપરથી જ જાય..!! એની સાહિત્યની ભાષા સમજવા માટે હોઝરી જોઇએ અને એ હોઝરી બહુ ઓછા પાસે હતી એનો વસવસો છે.

સ્વ. પ્રેમજીભાઈ ને પચાવી શકે તેવું તેના કદ પ્રમાણે ઓડિયન્સ ન હતું...

આજકાલ કરતા 22 ડિસેમ્બરના બે વર્ષ પૂર્ણ..

લોકો ને ટેન્સન મુક્ત રાખતા અને મજબૂત મન નું મનોબળ ધરાવતા પ્રેમજીભાઈને દુનિયા આખીને હેરાન - પરેશાન કરનાર કોરોના પણ હરાવી ન શક્યો, જ્યારે વિશ્વાસમાં ન આવે એવી સામાન્ય થ્રિ-વહીકલ રિક્ષાની ટકકરે આ સનાતની સિંહને હમેશા ને માટે જમીનદોસ્ત કરી મુક્યા..

ભાઈના દેહાંતના સમાચાર વાયુવેગે દેશ-દુનિયામાં ફેલાઇ ગયા.. પોતાનો ઘરનો કોઈ સભ્ય ગુમાવ્યો હોય તેવું ફિલ સમગ્ર ABKKP સમાજને થયું.. વડીલો , સામાજીક કાર્યકતા , નજદીકી મિત્રોથી લઈને સૌ કોઈની આંખો ભીંની થયા વગર ન રહી.. આજે પણ કોઈ મિટિંગમાં તમે ઉપસ્થિત હો , સામાજીક કાર્યક્રમોમાં તમારી હાજરી હોય ત્યારે હરપળ તમને એવું મહેસુસ થાય કે પ્રેમજીભાઈ હોત તો આ મુદ્દા પર જરૂર બોલત..

સ્વ.પ્રેમજીભાઈ નો પ્રેમ...

આમ તો આપણી હયાતી ન હોય અને જે કમી મહેસુસ થાય એજ આપણી સાચી કામગીરી..!! પણ તમારો જીવન નો સાચા રંગની પરીક્ષા તો અંતિમયાત્રા દરમિયાન થાય. પ્રેમજીભાઈની જે જગ્યાઓ પર પ્રાર્થના સભાઓ રાખવામાં આવતી ત્યાં ગામેગામથી સામાજીક , રાજકીય તેમજ હિતેચ્છુઓ આવી પોહચ્યા હતા.. અપાર સંખ્યામાં પ્રાર્થના સભાઓ થતી..

લોકના હૃદયમાં પોતાની અમી છાપ છોડવામાં પ્રેમજીભાઈ સફળ રહ્યા હતા..

સુવાસ..

પોતાની જીવનયાત્રા દરમિયાન અનેક સુંદર અને સુગંધિત સામાજીક , રાજકીય , ગૌ સેવા સાથે જીવદયાના કાર્ય કરેલા, જેની સુવાસ વર્ષોના વર્ષ સુધી મહેકતી જરૂર રહેશે.. આપણા દિવ્ય આત્માને પરમ કૃપાળુ પરમાત્મા સુખી રાખે તેવી પ્રાર્થના. દ્વતીય વાર્ષિક શ્રધ્ધાજલી સમયે સમગ્ર સમાજ શોકાતુર છે.

સ્વ. પ્રેમજીભાઈ કેશરાણી વિશે તો પુસ્તક લખાય આ આર્ટિકલ એના કાર્ય આગળ નાની પ્રસ્તાવના બરાબર છે..

જય હો'
મનોજ વાઘાણી (મૂછાળા)

કોઈ ઘર પરિવાર નો વ્યક્તિત્વ નહિ આ તો સમગ્ર સમાજ સાથે કચ્છ પંથક નું એક વ્યક્તિત્વ, જે નું સર્જન ક્રાંતિ માટે થયું એને આજ જે યુવાસંઘ છે તેમાં એનું હોવું એજ તો ધબકતું એને વૈશ્વિક વિઝન મિશન નાં એજ તો શિલ્પકાર

ધાવડા મોટા– આભાર વ્યકત

ખેલદિલી પૂર્વક, રમશે ધાવડા અને જીતશે પણ ધાવડા ના સૂત્ર ની સાથે રચનાત્મક કાર્ય ના લાભાર્થે શ્રી પાટીદાર નવયુવક મંડળ દ્વારા આયોજીત ત્રી દિવસીય બોક્સ ક્રિકેટ ટુર્નામેન્ટ નું આયોજન કરવામાં આવેલ જે કાર્યક્રમ અંતર્ગત સ્થાનિક થી લઇ બહાર વસતા દાતા પરીવાર દ્વારા ગામ અને સમાજ પ્રત્યેની લાગણી સાથે આપ સહુએ જે યોગદાન/સહયોગ આપ્યો છે તે બદલ અમો સર્વે દાતા પરિવાર નો અંતઃકરણ પૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ. આપણી સમાજ માં આવીજ એકતા અને સંગઠન કાયમ રહે તેવી ભાવના સાથે ફરી ફરી થી સર્વે દાતા પરીવાર નો આભાર માનીએ છીએ..

લી. પાટીદાર નવયુવક મંડળ કારોબારી સમિતિ
- ધાવડા (મોટા) નખત્રાણા.
॥ જય શ્રી લક્ષ્મીનારાયણ ॥

કોરોના અલર્ટની વચ્ચે અમદાવાદથી આવ્યા ચિંતાજનક સમાચાર, આરોગ્ય વિભાગ થયું દોડતું

અમદાવાદમાં એક દર્દીમાં ઓમિક્રોન B7ના શંકાસ્પદ લક્ષણો જણાયા

આરોગ્ય વિભાગે ચીનમાં નોંધાયેલ વેરિયન્ટ છે કે નહીં તેની તપાસ શરૂ કરી

🎂 જન્મદિવશ की सुभकामना 🎂
पाडीदार समाज के गौवर ,ऐसे मंतव्य न्यूज़ के ऐंकर, बहन श्री दीपिका हरेशभाई पाचानी, को जन्मदिवश पर दिलसे ठेर सारि सुभकामना ,मा उमिया आपकी हर मनोकामना पूरी करे ऐसी प्राथना करते है

વૈજ્ઞાનિક નો યુથ એવોર્ડ મેળવે છે, જિગીષા છાભૈયા - ઓડિશા

Proud moments for KKP...GANGASAGAR COUNCIL.Mrs Jigisha Khushal Patel (Chhabhaiya,) Sambalpur awarded with " YOUNG SCIENTIST" at 43rd Indian Association of Biomedical scientists (IABMS).

It was a international conference that held for 3 days from 19th-21st at Sri Sri University, Cuttack, Orissa.

It was a gathering of research scholars, academicians, doctors and scientists from India and overseas. More than 70 research paper were presented.

She presented her research paper titled " An ergonomic evaluation of musculoskeletal disorders among fish processing workers of Suri".

Her paper was selected for the award of " YOUNG SCIENTIST" for the year 2022.



જાવક નં _____

પ્રતિ, સ્નેહીશ્રીઓ,

તમામ ઝોન સમાજ/ ઘટક સમાજ /સિજ્યન/ યુવા મંડળ તથા મહિલા મંડળના કર્મધારો અને સમાજના સૌ જાગૃત પ્રહરીઓ.

જય મા ઉમિયા..... જય લક્ષ્મીનારાયણ..... જય સનાતન....

વિષય:- સમાજ/ યુવાસંઘ અને મહિલા સંઘના સંયુક્ત ઉપક્રમે ત્રિવિધ મહોત્સવના આયોજન અને 11-12-13-14/05/2023 નિમંત્રણ અંગે.....

પંથ ભૂલી પર ધર્મના પનારે પહોંચેલા આપણા પાટીદાર સમાજમાં ધર્મજાગૃતિની પ્રથમ ચિનગારી સાથે સ્વધર્મમાં પુનઃ પ્રત્યાયનના શુભારંભ સમા **કચ્છથી અધિવેશનને સો વર્ષ પૂર્ણ** થતા તે ગૌરવ રૂપ ક્ષણોની સાથે સંપૂર્ણ હિંદુત્વના અસ્તિત્વ માટે સમાજના સંઘર્ષ ભર્યા અતીત ની ઝાંખી સૌને થાય તે માટે 1920 થી શરૂ થયેલી **સનાતની ક્રાંતિનો શતાબ્દી મહોત્સવ કેન્દ્રીય સમાજના છઠ્ઠા અધિવેશન** રૂપે **શુદ્ધ સનાતની અધિવેશન** તથા 1972 ના અરસામાં દેશભરના યુવક મંડળોને સંગઠિત કરી શ્રીરામાજના સેવાકીય કાર્યોને વધુ બળવત્તર બનાવવા અને તેને છેવાડા સુધી પહોંચાડવા કલકત્તા ખાતે નવયૌવન યુવક મંડળ ની પ્રેરણાથી **અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર યુવા સંઘ ની સ્થાપના** કરવામાં આવી હતી જેને આજે સ્થાપના ને **50 વર્ષ** પૂરા થતા હોઇ તે નિમિત્તે યુવા સંઘની **સ્વર્ણિમ મહોત્સવ** તેમજ મહિલા સંઘની સ્થાપનાને 25 વર્ષ પૂર્ણ થતા હોઇ **રજત જયંતિ મહોત્સવ** શ્રી સમાજની સાથે તેની બંને પાંખોના ઉત્સવોને 2023 ના મે માસના મધ્યાંતર પછી ત્રિવિધ મહોત્સવ સ્વરૂપે ઉજવવા માટે કેન્દ્રીય સમાજની 12 ઓગસ્ટના રોજ મળેલી સામાન્ય સભામાં સર્વાનુમતે નક્કી કરવામાં આવ્યું છે.

આ મહોત્સવના મોટા બજેટના ખર્ચના **ફંડ ઉપાર્જન** માટે તદ્દન નવતર પ્રયોગ **"રહી સો સમૃદ્ધિ"** આપના સંપૂર્ણ સહકારાત્મક અને સર્જનાત્મક પ્રતિસાદની અપેક્ષાએ અમલમાં મુકવા જઈ રહ્યા છીએ, આ ત્રિવિધ મહોત્સવના માધ્યમથી આપણા યશસ્વી વડપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીના સ્વચ્છ ભારત અભિયાન અને પર્યાવરણ જતન નો હેતુ પણ બર આવશે તેથી આ આકર્ષણજનક નવતર પ્રયોગ **રહી સો સમૃદ્ધિ** અભિયાનને વ્યાપક અને પરિણામલક્ષી બનાવવા **સનાતની જ્ઞાતિના પ્રત્યેક પરિવાર પાસેથી ઘર ઓફિસ કે કારખાના વગેરે માંથી કાગળ,પસ્તી** શ્રી સમાજ, યુવાસંઘ અને મહિલાસંઘના માધ્યમથી **દાન સ્વરૂપે** મેળવવાનું નક્કી કરેલ છે જેનો ઉપયોગ પ્રસ્તુત **મહોત્સવના ખર્ચ તેમજ જ્ઞાતિના ઉત્કર્ષ માટે** કરવામાં આવશે.

આપ સૌ સનાતની કર્મયોગીઓને રહી સો સમૃદ્ધિની યોજનાને સાકાર કરવા આપના હુંફાળા સહકારની અપેક્ષા રાખવામાં આવે છે, તથા આગામી 11-12-13-14/05/2023 **ના યોજાનારા સનાતની શતાબ્દી મહોત્સવનું નિમંત્રણ** આપવામાં આવે છે.

એજ લી.

શ્રી અખિલ ભારતીય કચ્છ કડવા પાટીદાર સમાજ - યુવાસંઘ – મહિલાસંઘ વતી,

અબજીભાઈ કરાણી	હિતેશભાઈ રામજીયાણી	જયાબેન નાકરાણી	ગોપાલભાઈ ભાવાણી
પ્રમુખશ્રી	પ્રમુખશ્રી	પ્રમુખશ્રી	ચેરમેનશ્રી
કેન્દ્રીય સમાજ	કેન્દ્રીય યુવાસંઘ	કેન્દ્રીય મહિલાસંઘ	સનાતની શતાબ્દી મહોત્સવ

તેમજ ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ અને કારોબારી સભ્યો



અવસાન નોધ

સ્વ. લીલાબેન હરજી લીંબાણી
ઉમર :101 વર્ષ | તા. 21 - 12 - 2022
કચ્છમાં : મથલ
હાલે : કતારગામ, સુરત

સ્વ. વાલજીભાઈ કાનજીભાઈ ચૌહાણ
ઉમર :77 વર્ષ | તા. 21 - 12 - 2022
કચ્છ ગામ કાદીયા મોટા
હાલે હૈદરાબાદ, કોતાપેઠ

સ્વ. નિરુપા ધીરજ હળપાણી.
ઉમર :49 વર્ષ | તા. 21 - 12 - 2022
કચ્છમાં :રત્નાપર મઉ
હાલે : બદલાપુર વેસ્ટ

H.K. DOORS
HK DOORS
First IMPRESSION of your HOUSE
BEAUTIFUL AND STRONG DOORS FOR YOUR HOME
TERMITE-RESISTANT | FIRE-RESISTANT | DURABLE

HEAD OFFICE
Sri Narayan Timber, Survey No. 186/187, Plot No. 7,8,9, Chudva Gandhidham - 370201, Kutch, Gujarat - India.
Hareshbhai Rudani - Mo. +91 99791 57883

BRANCH OFFICE
1. DHARWAD - KARNATAKA
Kishorbhai - Mo. +91 94826 95508
2. HYDERABAD - TELANGANA
Bhaveshbhai - Mo. +91 78934 59459
3. CHENNAI - TAMILNADU
Vivekbhai - Mo. + 91 98843 12266
Janakbhai - Mo. +91 98413 88663
4. VIJAYWADA - ANDHRA PRADESH
Rajeshbhai - Mo. +91 78428 05202
5. MARGAO - GOA : Kirtibhai - Mo. +91 70202 74705

KishorBhai Rudani: 9979352929
H.K. TIMBER PVT. LTD.
TIMBER IMPORTER AND ORDER SUPPLIERS
HEAD OFFICE
Survey No. 186/187 Plot No. 6
Gandhidham - 370 201, Kutch, Gujarat - India.

PRAMUKH ENTERPRISE
EXPOTER AND TIMBER IMPORTER
HEAD OFFICE
Flat No. 3, Ground Floor, Plot No. 26, Sector - 3, Matru Chhaya Appartment, Gandhidham Kutch, Gujarat - 370 201.
Bharatbhai Rudani - Mo. +91 99791 57884

H.K. FRUITS
HEAD OFFICE
45, Gopalnand Chock, Gunatitpur, Kumbharadi, Kutch, Gujarat - 370 140.
Jagdishbhai Rudani - Mo. + 91 99254 98648
Dhirajbhai Rudani - Mo. + 91 99784 49205

પત્રવ્યવહાર : ૫૦૧– ૫૦૪, પાંચમો માળ,નરોડા બિઝનેસ હબ કોમ્પલેક્ષ, નરોડા–દહેગામ રોડ,એસ.પી.રિંગ રોડ પાસે,નરોડા–અમદાવદ. ૩૮૨૩૩૦. મો. ૭૮૦૧૮૭૭૭૭૪